શાળા છે ત્યાં વિદ્યાર્થીઓ નહીં પરંતુ વિદ્યાર્થીઓ છે ત્યાં શાળા...

શેરી શાળાના માધ્યમથી શિક્ષણની જ્યોત : સાકરીયા પ્રાથમીક શાળાની પહેલ

કોરોના વાયરસની મહામારીના કારણે શાળા કોલેજોમાં શિક્ષણ બંધ છે, જેને પગલે ઓનલાઈન એજ્યુકેશન ચલાવવામાં આવી

રહ્યું છે. જોકે એવા અનેક વિદ્યાર્થી છે. જેમના ઘરમાં ટીવી કે મોબાઈલ નથી. આવા બાળકોનો અભ્યાસ ન બગડે તે માટે સાકરીયા પ્રાથમિક શાળાના શિક્ષકો દ્વારા શ્રમદાન શરૂ કરવામાં આવ્યું છે. જેમાં તેઓ વિદ્યાર્થીના ઘરે જઈ અભ્યાસ કરાવવા ઉપરાંત કોરોના વાયરસ સામે કેવી રીતે સાવચેત રહેવું તેની પણ જાગૃતિ ફેલાવી રહ્યાં છે. સાકરીયા સ્કૂલના શિક્ષકોએ શેરી શાળા થકી એક અનોખી પહેલ કરી વિદ્યાર્થીઓ રહેતા હોય તેમના વિસ્તારમાં પહોંચી અભ્યાસથી કોઈ બાળક વંચીત રહી ન જાય તે માટે તેમની શેરીમાં જ અભ્યાસ કરાવી ''શિક્ષક કભી સાધારણ નહીં હોતા''ની યુક્તિને સાર્થક કરી રહ્યા છે.

કોરોનાનું સંક્રમણ સતત વધી રહ્યું હોવાથી સરકાર હજુ પણ શાળાઓ ખોલવી કે નહીં તે અંગે બેઠકો પર બેઠકો અને નિષ્ણોતોના અભિપ્રાય પછી પણ અવઢવમાં છે હજુ પણ શાળાઓમાં ટીવી, મોબાઈલ, યુટ્યુબ, વર્ચ્યુઅલ કલાસ જેવા ઓનલાઈન માધ્યમો દ્વારા શિક્ષણકાર્ય ચાલી રહ્યું છે. સાકરીયા પ્રાથમીક શાળાના શિક્ષકો સાકરીયા સહીત આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં તેમની શેરીઓમાં પહોંચી અભ્યાસ કરાવી રહ્યા હોવાની સાથે બાળકોને આ શિક્ષણકાર્ય મેળવ્યા બાદ પડતી મુશ્કેલીના નિવારણ માટે અનોખા સ્વૈચ્છિક સમયદાનના કાર્યક્રમનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

શેરી શાળા શાળા સમય બાદ દરરોજ બે કલાક બાળકોના ઘરે ઘરે જઈ બાળકોને અભ્યાસમાં માર્ગદર્શન આપી શિક્ષણકાર્ય કરાવી રહ્યા છે. આ સાથે ગામના વાલીઓને પણ કોરોના જનજાગૃતિ અંતર્ગત કોવિડ માર્ગદર્શિકા અનુસાર માસ્ક, હાથ ધોવાની પ્રક્રિયા અને સોશિયલ ડિસ્ટન્સની જાણકારી આપી કોરોના વોરીયર્સની કામગીરી સુપેરે બજાવી રહ્યા છે.

પાલનપુરમાંથી મોટર સાયકલ ચોર ઝડપાયો

બનાસકાંઠા એલસીબી પોલીસે પાલનપુર-ડીસા હાઈવે પરથી એક શખ્સને શંકાસ્પદ મોટર સાયકલ સાથે જડપી લીધો હતો.જેની પુરછપરછ દરમ્યાન તે મોટર સાયકલ ચોરીનું હોવાનું બહાર આવ્યુ હતુ. જેથી પોલીસે આકરી પુછપરછ કરતા કુલ દસ વાહનો ચોરી કરી હોવાની કબુલાત કરી હતી. બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા તરૂણ દુગ્ગલ દ્વારા તમામ પોલીસને વાહન ચોરીના ગુનાઓ શોધી કાઢવા સુચના આપવામાં આવી હતી. જેના પગલે બનાસકાંઠા એલ.સી.બી પી.આઇ એચ.બી.પરમાર,શહેર પશ્ચિમ પી.આઈ કે.પી.ગઢવી, પી.એસ. આઈ આર.જી.દેસાઈ, જી.એન. ભુંભાણી સહિત સ્ટાફના માણસો પેટ્રોલિંગમાં હતા. તે સમયે બાતમી હકીકત મળી હતી કે, પાલનપુર-ડીસા હાઈવે ઉપર આવેલ પરફેક્ટ રેસીડન્સી આગળથી હિતેશ સોનારામ ગેલોત રહે.ભોયણ તા.ડીસા સંકાસ્પદ મોટર સાયકલ સાથે ઝડપાઇ ગયો હતો. જેથી પોલીસે તપાસ કરતા મોટર સાયચલ ચોરીનું હોવાનું બહાર આવ્યુ હતુ.જેથી પોલીસે આકરી પુછપરછ કરતા થરાદ, ડીસા, ધાનેરા,બાદ્રા રાજસ્થાન સહીતના વિસ્તારોમાંથી દસ વાહનો ચોરી કરી હોવાની કબુલાત કરી હતી.

ભિલોડામાં મહિલા પી.એસ.આઈ.નો સન્માન સમારંભ યોજાયો

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે પોલીસ સ્ટેશનમાં મહિલા પી.એસ.આઈ.નો સન્માન સમારંભ અને શુભેચ્છા મુલાકાતનો કાર્યક્રમ યોજાયો હતો.અખિલ ભારતીય વિદ્યાર્થી પરીષદ,ભિલોડા શાખા ધ્વારા મહિલા પી.એસ.આઈ. એમ.ડી.ગઢવીએ ભિલોડા પોલીસ સ્ટેશનમાં ચાર્જ સંભાળતા અખિલ ભારતીય વિદ્યાર્થી પરીષદ,ભિલોડા શાખા ધ્વારા સન્માનપત્ર આપી શુભેચ્છા મુલાકાત કરીને બિરદાવ્યા હતા.

મોડાસામાં કોરોના દર્દીનો જન્મ દિવસ બન્યો યાદગાર

કોરોના વોરિયર્સ દર્દીના મિત્રો અને પરિવારજનો બની કેક કાપી ઉજવણી કરી

મોડાસા, તા. ૧૬

અરવલ્લી જીલ્લામાં કોરોનાગ્રસ્ત દર્દીઓની ખડેપગે સેવા કરતા કોરોના વોરિયર્સ દર્દીઓને હૂંફ આપી રિયલ હીરો સાબીત થઈ રહ્યા છે. મોડાસા શહેરની કોવીડ-૧૯ હોસ્પિટલમાં કોરોના

વાયરસના ચેપ લાગેલા દર્દીના જન્મદિવસ હોવાનું હોસ્પિટલમાં ફરજ બજાવતા કોરોના વોરિયર્સને જાણ થતા જ કેક લાવી ઉજવણી કરી દર્દીના સાચા અર્થમાં મિત્ર અને પરીવાર ધર્મ નિભાવ્યો હતો. હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓ પણ જન્મ દિવસની ઉજવણીમાં હર્ષોલ્લાસ સાથે જોડાયા હતા.

મોડાસા કોવીડ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા ૪૭ વર્ષીય કોરોના પોઝેટીવ દર્દી મહેન્દ્રભાઈ બાબુભાઈ રાઠોડનો જન્મ દિવસ હોવાની જાણ થતા કેક લાવી ડોક્ટર, નર્સ તેમજ અન્ય સ્ટાફ દ્વારા કેક લાવી ઉજવણી કરવામાં આવી હતી જેમાં કોવીડના નોડલ ઓફિસર ડૉ.યજ્ઞેશ નાયક, સીવીલ સર્જન એન.એમ. શાહ અન્ય તબીબો અને નર્સ તથા ફાયર સેફટી ઓફિસર જયેશ રાવલ સહિતના કોરોના વોરિયર્સે હેપ્પી બર્થડે ટુ યુ અને તાળીઓ વગાડી ઉજવણી કરી કોરોના પોઝેટીવ દર્દીઓને હૂંફ પણ આપી હતી.

બર્થ ડે બોય મહેન્દ્રભાઈ રાઠોડના જણાવ્યા અનુસાર આ બર્થ ડે જીંદગીના અત્યાર સુધીના યાદગાર પ્રસંગોમાંથી એક બની રહેશે. મોડાસા કોવીડ હૉસ્પિટલમાં દર્દીની ખુબ જ સારસંભાળ રાખવામાં આવે છે. કોરોનાની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સ્વચ્છતા પણ ખૂબ જ સરસ રાખવામાં આવે છે તેમજ અહીંના ડૉક્ટર્સ, નર્સ અને અન્ય સફાઈકર્મીએ દિલથી અમારી કાળજી રાખે છે તેમ જણાવ્યું છે.

હેવાન પ્રેમી ચાર વર્ષ પછી જેલના સળિયા પાછળ

પ્રેમિકાને અન્ય સાથે સબંધ હોવાના વ્હેમમાં કેરોસીન છાંટી સળગાવાના પ્રયત્ન કરનારને એલસીબીએ દબોચ્યો

મોડાસા, તા. ૧૬

પ્રેમમાં અંધ બની અનેક યુવાન-યુવતીઓ આત્મહત્યા અને હત્યા કરતા અને હુમલો કરતા ખચકાતા નથી આવા અનેક કિસ્સાઓ રોજબરોજ બની રહ્યા છે, ત્યારે ચાર વર્ષ અગાઉ મોડાસા પંથકમાં આવી જ એક ઘટના બની હતી જેમાં પ્રેમી યુવકને તેની પ્રેમિકાને અન્ય યુવક સાથે આડા સબંધ હોવાનો વ્હેમ પેદા થતા યુવકે અન્ય લોકોની મદદથી પ્રેમિકા પર કેરોસીન છાંટી દીવાસળી ચોપી દેતા પ્રેમિકા ભળભળ સળગી ઉઠતા આજુબાજુથી દોડી આવેલા લોકોએ આગ હોલવી દીધી હતી. પ્રેમિકા પર ખૂની હુમલો કરી ૪ વર્ષથી મોડાસાની મખદૂમ શાહ દરગાહ પાસે રહેતો સીરાજ ઈકબાલ પઠાણ ફરાર થઈ ગયો હતો. છેલ્લા ૪ વર્ષથી નાસતો ફરતો હતો. એલસીબી પોલીસે બાતમીના આધારે મેઘરજ બાયપાસ રોડ પરથી સીરાજ પઠાણને દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો.

અરવલ્લી એલસીબી પીઆઈ આર. કે. પરમાર અને તેમની ટીમ ક્રાઈમ રેટ ઘટાડવા અને ગુન્હાને અંજામ આપી ફરાર આરોપીઓને ઝડપી પાડવા સતત દોડાદોડી કરી રહી છે. વર્ષ-૨૦૧૭માં મોડાસાની મખદૂમ દરગાહ નજીક રહેતો સીરાજ ઈકબાલ પઠાણે તેની પ્રેમિકાને અન્ય યુવક સાથે સબંધ હોવાનો વ્હેમ પેદા થતા કેરોસીન છાંટી આગ લગાવી દઈ જીવતી સળગાવવાનો પ્રયત્ન કર્યો હતો. જે અંગે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં સીરાજ સહીત અન્ય મદદગારી કરનાર લોકો સામે હત્યા કરવાની કોશિશનો ગુન્હો નોંધાતા સિરાજ પઠાણ ફરાર થઈ ગયો હતો. છેલ્લા ૪ વર્ષથી પોલીસને હાથતાળી આપી રહ્યો હતો. એલસીબી પોલીસને સિરાજ પઠાણ મોડાસા મેઘરજ બાયપાસ ચોકડીએ આવવાનો હોવાની બાતમી મળતા એલસીબીની ટીમે ચોકડી પર અલગ અલગ સ્થળે વોચ ગોઠવી દીધી હતી. સિરાજ પઠાણ આવતા જ વોચમાં રહેલી ટીમે દબોચી લેતા સીરાજ પઠાણના મોતિયા મરી ગયા હતા. ચાર વર્ષ બાદ આખરે જેલના સળિયા ગણવાનો વારો આવ્યો હતો. એલસીબી પોલીસે સિરાજ પઠાણને મોડાસા રૂરલ પોલીસને સુપ્રત કરતા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાંતિજ ગ્રીનપાર્ક-૩માં પરણિતાએ ગળાફાંસો ખાઈ જીવન લીલાનો અંત આણ્યો

અગમ્ય કારણોસર પરણિતાએ પોતાના ઘરે ગળેફાંસો ખાધો : યુવતિની માતાની ફરિયાદના આધારે પ્રાંતિજ પોલીસે ચાર વિરૂધ્ધ ફરીયાદ

પ્રાંતિજ, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના ગ્રીનપાર્ક-૩ માં પરણિતાએ ગળાફાંસો ખાઈ જીવનલીલાનો અંત આણ્યો હતો, યુવતિની માતા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ચાર વિરૂધ્ધ પોલીસ ફરિયાદ કરી હતી.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજ રેલ્વે સ્ટેશન ઉપર આવેલ ગ્રીનપાર્ક-૩ માં રહેતી પરણિતા મનીષાબેનને પોતાના ઘરે ગળેફાંસો ખાઈ જીવન લીલાનો અંત આણ્યો હતો. પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં યુવતિની માતા રત્નાબેન સુરેન્દ્રસિંહ માધુસિંહ ચૌહાણ રહે. હીરાવાડી, જે.ડી. હાઈસ્કુલ મેમ્કો અમદાવાદ મૂળ રહે. રડાવાડ તા. જી. પાલી, રાજસ્થાનની ફરિયાદના આધારે પ્રાંતિજ પોલીસે મરનાર મહિલાના પતિ કરણભાઈ ગણપતભાઈ વણકર, સસરા ગણપતભાઈ વણકર, સાસુ કોકીલાબેન ગણપતભાઈ વણકર, સાર્થકભાઈ વણકર ચારેય રહે. પ્રાંતિજના કતપુર ખાતે હાલ રહે પ્રાંતિજ રેલ્વે સ્ટેશન ગ્રીનપાર્ક-૩ સોસાયટીમાં તો મરનાર પરણિતાની માતા દ્વારા પતિ સહિત સાસુ સસરા દિયર વિરૂધ્ધ માનસિક ત્રાસ અને ઘર કામકાજ માટે મેળા ટોણા મારીને પગલું ભરવા ઉશ્કેરણી કરતા પરણિતાએ પોતાના ઘરે દુપટા વડે ગળેફાંસો ખાઈ જીવન લીલાનો અંત આણ્યો હતો સહિતની ફરીયાદ યુવતિની માતાએ કરતા પ્રાંતિજ પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી પ્રાંતિજ પોલીસ સ્ટેશનના મહિલા પીએસઆઈ એ.બી. મિસ્ત્રી દ્વારા આગળની તપાસ હાથ ધરી છે.

કર્ફ્યુમાં તસ્કરો ૧૯ લાખની લક્ઝુરિયસ કાર ચોરી ગયા

સુરત શહેરમાં ઠંડીની શરૂઆત થતાની સાથે તસ્કરોએ પોતાનો કસબ અજમાવાનો શરૂ કરી દીધો છે. સુરતના સિંગણપોર વિસ્તારમાં ચોરોનો આતંક સામે આવ્યો છે. કોરાનાના કારણે ચાલી રહેલા કર્ફ્યૂ દરમિયાન ૧૯ લાખની લક્ઝુરિયસ કારની ચોરી સીસીટીવીમાં કેદ થઈ ગઈ છે. કારને હેક કરી ચોરી કરવામાં આવી હોવાનું કારના માલિકે ફરિયાદમાં નોધાવ્યું છે. સુરતના સિંગણપોર વિસ્તારમાં આવેલી અક્ષરદિપ સોસાયટીમાં રાહુલ રામદેવભાઈ ભાદરકા પરિવાર સાથે રહે છે અને કન્સ્ટ્રક્શનના વ્યવસાય સાથે સંકળાયેલા છે. ગત રોજ રાત્રીના સમયે જાહેર રોડ પર તેમની ૧૯ લાખની ફોર્ચ્યુન લક્ઝુરિયસ કાર પાર્ક કરેલી હતી. રાત્રી દરમિયાન કેટલાક તસ્કરો સ્વિફ્ટ કારમાં આવ્યા હતાને ક્ષણભરમાં આ કારની ચોરી કરી ભાગી છુટ્યા હતા. ચોરી કરવા આવેલા તસ્કરો નજીકના સીસીટીવીમાં કેદ થઈ ગયા છે. કારના માલિકે સવારે કારની તપાસ કરતા કાર મળી ન હતી. જેથી ચોકબજાર પોલીસમાં ૧૯ લાખની કાર ચોરીની ફરિયાદ નોંધાવી હતી. જેમાં કારને હેક કરી, ગાડીનું લોક તોડી અથવા ડુપ્લિકેટ ચાવીથી લોક ખોલી ચોરી કરી હોવાનો ઉલ્લેખ કર્યો છે. પોલીસે આ મામલે ગુનો દાખલ કરી સીસીટીવીના આધારે આરોપીની શોધખોળ શરુ કરી છે.

પાલનપુર નગરપાલિકાના સભ્યોની ટર્મ પુરી થતા ચીફ ઓફીસર ચાર્જ સંભાળશે

ફેબ્યુઆરી માસ આસપાસ પાલિકાની ચૂંટણી જાહેર થાય તેવી સંભાવના

પાલનપુર

પાલનપુર નગરપાલિકાના સભ્યોની સોમવારથી પાંચ વર્ષની મુદત પૂરી થતા મંગળવારથી પાલિકાનો તમામ વહીવટ ચીફ ઓફસર દ્વારા સંભાળવામાં આવશે.

પાલનપુર નગરપાલિકા ભાજપ શાશીત નગરપાલિકા હતી. જેમાં ભાજપના કુલ ૨૩ અને ૨ સભ્યો જોડાયેલા એમ કુલ ૨૫ અને કોંગ્રેસના ૧૯ સભ્યો ચૂંટાયા હતા.જેથી સત્તા પર ભાજપ હતુ.જેમની પાંચ વર્ષની મુદત સોમવારે પુરી થતા મંગળવારથી પાલિકાનો તપામ વહીવટ ચીફ ઓફીસર દ્વારા સંભાળવામાં આવશે.

જેથી પાલિકાની ચૂંટણીઓ આગામી ફેબ્યુઆરી માસમાં જાહેર થાય તેવા એધાંણ છે.જેથી સંભવીત ઉમેદવારોએ પોતાના વિસ્તારોમાં સર્કીય કામગીરી શરૂ કરી દિધી હોવાનું લોકોમાં ચર્ચાઈ રહ્યુ છે.

ધાનેરા તાલુકાના સરાલ ગામે એમ.પી.એલ. ક્રિકેટ મેચ ટુર્નામેન્ટનો શુભારંભ

ધાનેરા તાલુકાના સરાલ ગામ એમ પી એલ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં આજે સવારે ગામના યુવાનો આગેવાનો અને વડીલોની હાજરીમાં શુભારંભ કરવામાં આવ્યો હતો આ શુભારંભ પ્રસંગમાં ધાનેરાના અગ્રણીઓ ગામના અગ્રણીઓ આગેવાનો સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા અને બાબાસાહેબની પ્રતિમા માને ફૂલહાર કરી કાર્યક્રમનો શુભારંભ કર્યો હતો અને તે બાદ ધાનેરા તેમજ આજુ બાજુ થી આવેલા મહેમાનો એ ક્રિકેટ રમી કાર્યક્રમ ને ખુલ્લો મુક્યો હતો. આ પ્રસંગે ધાનેરા નગરપાલિકા પૂર્વ બાંધકામ સમિતિ ના ચેરમેન જયેશભાઈ સોલંકી પૂર્વ પ્રમુખ વર્ષરામ ભાઈ ગલચર. સુરેશભાઈ ગલચર રાયચંદભાઈ વાઘેલા મોડસિંગ રાવ સહિત ગ્રામજનો તેમજ ક્રિકેટ ટિમ ના ખેલાડીઓ હાજર રહ્યા હતા.

રાજ્યભરમાં ભાજપ દ્વારા ખેડૂત સંમેલનો યોજાશે

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાત ભાજપના મુખ્ય પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યાએ ગુજરાતમાં યોજાનાર કિસાન સંમેલનોની માહિતી આપતાં જણાવ્યું હતું કે દેશના ખેડૂત સ્વતંત્ર રીતે ખેત પેદાશો વેચી શકે, વચેટીયાઓથી છૂટકારો મેળવી શકે, ન્યુનત્તમ ટેકાના ભાવે એમએસપીની વ્યવસ્થા અને સરકાર દ્વારા પણ ખરીદી ચાલુ રહે તે માટે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી ખેડૂતની આવકને બમણી કરકવા સતત પ્રયાસો કરી રહ્યાં છે. કૃષિ સુધારબિલ કિસાનની સ્વતંત્રતા, કિસાનહિત અને કિસાન ઉત્કર્ષ માટે છે. તેનો વધુને વધુ પ્રચાર કરવા માટે કેન્દ્રીય ભાજપે દેશમાં ૭૦૦ પત્રકાર પરીષદો અને ૭૦૦ સ્થાનો પર કિસાન સંમેલન યોજવાનું નક્કી કર્યુ છે. ત્યારે ગુજરાત ભાજપે પણ ગુજરાતમાં ૧૦ કિસાન સંમેલનો યોજવાનો નિર્ણય કર્યો છે અને ૧૦ પત્રકાર પરિષદ પણ યોજાશે. આ સંમેલનોમાં પ્રદેશ અગ્રણીઓ, સંસદસભ્ય, ધારાસભ્યો ઉપસ્થિત રહેશે.

આજે પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલે સુરત ખાતેથી કિસાન સુધારબિલ, કિસાનહિતના નિર્ણયો, યોજનાઓની જનજાગૃતિ માટે પત્રકાર પરિષદ યોજી હતી.

પંડ્યાએ વધુમાં જણાવ્યું હતું કે તા. ૧૭ ડિસેમ્બરના રોજ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલજી બારડોલી ખાતે, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ પંચમહાલ જિલ્લાના મોરવાહડફ, કેન્દ્રીય કૃષિમંત્રી પરષોત્તમભાઈ રૂપાલાજી રાજકોટ જિલ્લાના પડધરી, રાજ્ય કૃષિ મંત્રી આર.સી. ફળદુજી અમરેલી જિલ્લાના સાવરકુંડલા તેમજ બનાસકાંઠાના ડિસામાં ગોરધનભાઈ ઝડફિયા કિસાન સંમેલનમાં ઉપસ્થિત રહીને કિસાન હિતકારી નિર્ણયોની માહિતી આપશે.

તા. ૧૮ ડિસેમ્બરના રોજ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી નવસારી જિલ્લાના ચિખલી અને તા. ૧૯ ડિસેમ્બરના રોજ આણંદ જિલ્લાના કરમસદ ખાતે, શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમા કચ્છ જિલ્લના માધાપર, પૂર્વ પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણી જૂનાગઢ જિલ્લાના કેશોદ અને કેન્દ્રીય કૃષિમંત્રી પરષોત્તમભાઈ રૂપાલાજી મહેસાણાના વિજાપુર ખાતેના કિસાન સંમેલનોમાં ઉપસ્થિત રહીને ખેડૂતોને માર્ગદર્શન આપશે.

ભાભર પંથકમાંથી વિદેશી દારૂ ભરેલી ગાડી ઝડપાઈ : ૫.૬૩ લાખનો મુદ્દામાલ જપ્ત

ભાભર, તા. ૧૬

ભાભરમાં આરઆરસેલ પોલીસ દ્વારા સ્કોર્પિયોમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડતાં ચકચાર મચી ગઈ છે. આરઆરસેલના પોલીસ કોન્સ્ટેબલ ગઈકાલે પ્રોહિબિશન લગત ભાભર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. આ દરમ્યાન એક સફેદ કલરની શંકાસ્પદ સ્કોર્પિયો પસાર થતાં તેમણે ખાનગી વાહનમાં પીછો કર્યો હતો. જે બાદમાં ચાલક અને અન્ય એક ઈસમ ગૌચરની પડતર જગ્યામાં કાર ઉભી રાખી બેઠા હતા. આ દરમ્યાન પોલીસ ખાનગી વાહનમાં ત્યાં પહોંચતાં ચાલક ફરાર થઈ ગયો તો અન્ય એક ઈસમ ઝડપાઈ ગયો હતો. આરઆર સેલે કારમાંથી કુલ ૨.૫ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો છે.

આરઆરસેલના શૈલેષકુમાર ગત મોડીરાત્રે ભાભર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. આ દરમ્યાન વાવ તરફના રોડેથી રાધનપુર રોડ તરફ જતી સફેદ કલરની સ્કોર્પિયો કાર તેમને શંકાસ્પદ લાગતાં ખાનગી વાહનમાં પીછો કર્યો હતો. આ દરમ્યાન આરોપીઓએ ભાભર મામલતદાર કચેરીની પાછળના ભાગે ગૌચરની પડતર જમીનમાં ગાડી ઉભી રાખી બેસ્યાં હતા. આ દરમ્યાન તેઓ આવી જતાં કાર ચાલક ફરાર થઈ ગયો હતો. જોકે કારમાં ચાલકની બાજુમાં બેસેલો ઈસમ ભાગવા જતાં તેને દબોચી લીધો હતો.

સૂત્રોએ જણાવ્યું હતુ કે આરઆરસેલના પોલીસે શંકાના આધારે ગાડીનો પીછો કરી વિદેશી દારૂ ઝડપી પાડ્યો છે. કારમાંથી વિદેશી દારૂ-બિયરની પેટીઓ નંગ-૬૦, બોટલ નંગ-૧૧૮૮ કિ. રૂ.૨,૦૫,૨૦૦, સ્કોર્પિયોની કિ. રૂ.૩,૫૦,૦૦૦, મોબાઈલ નંગ ૧ કિ. રૂ. ૮,૫૦૦ મળી કુલ કિ. રૂ.૫,૬૩,૭૦૦ નો મુદ્દામાલ ઝડપી પાડ્યો છે. આ સાથે દારૂ લઈ જનાર, મંગાવનાર, લેવા આવનાર અને પાયલોટીંગ કરનાર સહિત કુલ લોકો સામે ગુનો રજીસ્ટર કરાવ્યો છે. જેને લઈ ભાભર પોલીસે આરોપીઓ સામે પ્રોહી એક્ટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ડીસાના કંસારી નજીક ઈકો અને રીક્ષા ટકરાતાં એકનું મોત

ડીસા, તા. ૧૬

ડીસા પંથકમાં માર્ગ અકસ્માતની વધુ એક ઘટનામાં એક વ્યક્તિનું ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજયું છે. ઈકો અને રીક્ષા વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં એકનું મોત થયુ હતુ. આ સાથે અન્ય ત્રણ લોકો ઈજાગ્રસ્ત થતાં તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં લોકોના ટોળેટોળાં ઉમટી પડ્યાં હતા. આ તરફ પોલીસે મૃતકની લાશને પોસ્ટમોર્ટમ અંગે મોકલી આપી વધુ તપાસ હાથ ધરી છે.

બનાસકાંઠા જીલ્લાના ડીસાના કંસારી નજીક ઈકો અને રીક્ષા વચ્ચે અકસ્માતની ઘટના સામે આવી છે. ડીસા તાલુકાના રોબસ મોટી ગામના જયરાજસિંહ વાઘેલા, ગજેન્દ્રસિંહ વાઘેલા, સોનલબેન, દિવ્યાબેન અને શૈલેષભાઈ સહિતના અનિલભાઈ રાવળની રીક્ષામાં ડીસાથી રોબસ મોટી જતાં હતા. આ તરફ કંસારીથી બાઈવાડા હાઈવે રોડ ઉપર સામેથી આવતી ઈકોએ જોરથી ટક્કર મારતાં રીક્ષા પલટી મારી ગઈ હતી. જેમાં જયરાજસિંહને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે જ તેમનું મોત થયુ હતુ.

સૂત્રોએ જણાવ્યું હતુ કે ઈકો કારની ટક્કરે રીક્ષા પલટી મારી જતાં અંદર બેઠેલાં અન્ય વ્યક્તિઓ પણ ઈજાગ્રસ્ત બન્યા હતા. જેથી તાત્કાલિક તમામ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જેમાં ગજેન્દ્રસિંહને હાથે ફ્રેકચર અને રીક્ષા ચાલક અનિલભાઈ, સોનલબેન, દિવ્યાબેન અને શૈલેષભાઈને ઈજાઓ પહોંચતાં ડીસા દવાખાને લઈ જવાયા હતા. આ તરફ અકસ્માત સર્જી ઈકોચાલક ફરાર થઈ ગયો હોઈ તેની સામે સોનસીંગ વાઘેલાએ ફરીયાદ નોંધાવી છે. ડીસા રૂરલ પોલીસે ફરાર આરોપી સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગઈકાલે સાંજે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજયું હતુ. આ તરફ પાંચ વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થતાં તેમને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે અકસ્માત બાદ ઈકો કારમાં આગ લાગી હોવાની વિગતો સામે આવી છે.